અપીલ અરજી નં.૪૨૩ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પ્રકાશ બી. બાગુલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૧૮–૨–૧૧ની અરજીથી આનંદનગર ઝુંપડપટ્ટીમાં કેટલા ઝુંપડાધારકોના નામો આકારણી દફતરે નોંધાયેલ છે તે તમામના ઝુંપડા નંબર સહિત વેરાબીલની સર્ટીફાઈડ નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૩/૨૦૧૦–૧૧

શ્રી પ્રકાશ બી. બાગુલની તા.૧૮–૨–૧૧ની અરજીથી આનંદનગર ઝુંપડપટ્ટીમાં કેટલા ઝુંપડાધારકોના નામો આકારણી દફતરે નોંધાયેલ છે તે તમામના ઝુંપડા નંબર સહિત વેરાબીલની સર્ટીફાઈડ નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨ તા.૬–૪–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ અને તે પૈકી નારાજગીની વિગત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૨૦૬ તા.૨૦–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અરજદારના તા.૨૫–૩–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૫ તા.૨૦–૪–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે માહિતી નિયત સમયઅવધિમાં પૂરી પાડેલ ન હોવાનું જણાવી અરજદારે તા.૨૮–૩–૧૧ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં સા.સ.ઝોન/મહેકમ/૨૦૫ તા.૨૦–૪–૧૧ થી લીંબાયતઝોનના આકારણી વિભાગના ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે આનંદનગર ઝુંપડપટ્ટીમાં કુલ ૪૭૨ ઝુંપડાઓ આવેલ છે. વેરાબીલ બાબતે સને ૨૦૦૮ થી ડુપ્લીકેટ વેરાબીલની પ્રથા બંધ કરવામાં આવેલ હોઈ એટલે કે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, તેની નકલો આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતિ અધિકારી તરફથી લગભગ એક માસના વિલંબથી માહિતી પૂરી પડાયેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)........જાણ તથા અમલ માટે .
(૨) શ્રી પ્રકાશ બી. બાગુલ ,